

ભગવાન વેદવ્યાસની જન્મ જયંતિ એટલે ગુરૂપૂર્ણિમાનો પવિત્ર તહેવાર... વેદ વ્યાસે વેદ વિસ્તાર શ્રીમદ્ ભાગવત ગીતા, મહાભારત, ઉપનિષદ સહિત પુરાણ-ઉપ પુરાણો વગેરેની ભેટ આપી છે. આ પુનિત અવસરે શહેરના સેક્ટર-૨૨ ખાતે પંચદેવ મંદિરે પ્રથમવાર ધ્વજારાહણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. પંચદેવ મંદિરના ધર્માચાર્ય પૂ. ફૂલશંકર શાસ્ત્રીજીની નિશ્રામાં મંદિરના મુખ્ય શિખરે સવા પાંચ મીટર લાંબી ધ્વજા ફરકાવવામાં આવી હતી. આ ઉત્સવના યજમાનપદે બ્રીજરાજસિંહ ગોહિલ, રવિરાજસિંહ ગોહિલ અને તેમના પરિવારજનો બિરાજમાન થયા હતા. આ દિવસ યાદગાર બની રહેશે તેવુ મંદિરના પૂજારી નીલકંઠ શાસ્ત્રીએ જણાવ્યું હતું.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લા પંચાયતના ત્રણ કર્મયોગીને તાલુકા વિકાસ અધિકારી તરીકે બઢતી મળતાં તેમને આજે વિવિધ શાખાના કર્મયોગીઓ દ્વારા વિદાય-સન્માન સમારોહ નાયબ જિલ્લા વિકાસ અધિકારીના અધ્યક્ષપદે યોજાયો હતો.
- ગાંધીનગરના અધિક નિવાસી કલેક્ટર સુશ્રી રિતુ સિંઘ આજે બાળ આયોગ દ્વારા યોજાયેલ બેઠકમાં હાજરી આપવા જિલ્લા પંચાયત સંકુલમાં આવ્યા હતા.
- પંચાયતોની આવી રહેલી ચૂંટણીને લઈ આજે નવા સીમાંકન અંગે ગાંધીનગર મામલતદારે ચૂંટણી સાથે સંકળાયેલ કર્મચારીઓની બેઠક લીધી હતી.
- વોર્ડ નં. ૫ ના ભાજપના મહિલા ઉમેદવાર હેમા ભટ્ટ આજે સ્થાનકવાસી જૈન ઉપાશ્રયમાં ગુરૂવંદના માટે ગયા હતા ત્યાં મહાસતીજીએ માંગલિક દરમ્યાન એક ભક્તિગીત રજુ કર્યુ હતુ જેનાથી તેઓ એટલા ભાવુક થઈ ગયા હતા તેમની આંખમાંથી અશ્રુધારા વહી પડી હતી.
- આગામી ૩૦મી જુલાઈના રોજ સ્માર્ટસીટી બોર્ડ ઓફ ડિરેક્ટર્સની બેઠક મળશે.
- રાજ્યના આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવ મનોજ અગ્રવાલે રાજ્યના તમામ જિલ્લાઓમાં ચાલી રહેલા સર્વે તેમજ વેક્સિનેશન અભિયાન અંગે સમીક્ષા વિડીયો કોન્ફરન્સના માધ્યમથી કરી હતી.
- ગાંધીનગર તાલુકા પંચાયતમાં આજે તાલુકાના તલાટીઓની બેઠક બે ભાગમાં મળી હતી.
- દહેગામ ન.પા.ની આજરોજ મળેલ સામાન્ય સભામાં મિલ્કત ટ્રાન્સફર ફી માં તોતિંગ વધારો કરવાનો નિર્ણય લેવાતાં આખા નગરમાં તે મુદ્દો ટોક ઓફ ધી ટાઉન બન્યો હતો.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




તું ચિંતા ન કર... આપણી આવક અઠવાડિયું પણ રહેતી નથી... વધારાની તો વાત જ નથી.

# સેકટર-પમાં રહેતા યુવકના પાનકાર્ડને આધારે રીક્ષાની લોન લઈ છેતરપિંડી

### લોન રીકવરી માટે શખ્સો ઘરે આવતા કિસ્સો સામે આવ્યો

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેરી-ગ્રામ્ય વિસ્તારમાં સાઈબર ક્રાઈમના કિસ્સામાં ચિંતાજનક રીતે વધારો થઈ રહ્યો છે. પોતાના ડોક્યુમેન્ટ આપતા પહેલા વિચાર કરવો પડે તેવી સ્થિતિ ઉભી થવા પામી છે. ત્યારે શહેરના સેકટર-૫ માં રહેતા એક યુવકના પાનકાર્ડને આધારે ઠગ શખ્સોએ રીક્ષ માટે લોન લીધી હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. યુવકે પોલીસ મથકે અરજી કરતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

શહેરીજનોએ પોતાના જરુરી કાગળો પરિચિત સિવાય અન્ય કોઈ વ્યકિતને આપવા જોઈએ નહી. કારણ કે સમય પસાર થતા જરુરી કાગળનો દુરઉપયોગ થઈ જાય છે અને જે તે વ્યકિતને ખબર પણ ન હોય અને છેતરપિંડીનો ભોગ બને છે. શહેરના સેકટર-૫ ખાતે રહેતા યુવકના પાનકાર્ડ પર રીક્ષાની લોન લઈ છેતરપિંડી તો થઈ ગઈ હતી. પરંતુ યુવકના ઘરે લોનવાળા રીકવરી માટે આવ્યા હતા ત્યારે યુવક ડઘાઈ ગયો હતો. ત્યારે આ સમગ્ર કિસ્સો બહાર આવ્યો હતો. યુવકે પોલીસનો સંપર્ક કરી સમગ્ર વાત જણાવી હતી. ડોક્યુમેન્ટ કયારે અને કયાંથી લેવામાં આવ્યા હતા. તેની પણ તપાસ પોલીસ તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી છે. છેતરપિંડીનો ભોગ બનેલા યુવકે પોલીસ મથકે અરજી આપતા પોલીસે યુવકના નામે કયા ઠગ શખ્સે લોન લીધી તેને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# દિવંગત કોરોના વોરીયર્સ પોલીસ કર્મીઓના પરિવારજનોને સહાયના ચેક અર્પણ કરાયા

ગાંધીનગર, તા. ૨૩

વૈશ્વિક મહામારી કોરોનાએ અજગરી ભરડો લેતા અનેક વ્યકિતઓ મૃત્યુને ભેટ્યા છે. કોરોનાના પ્રથમ તબક્કામાં સંક્રમણ



ઘટાડવા માટે તંત્ર દ્વારા લોકડાઉનની અમલવારી કરવામાં આવી હતી. ત્યારે નાગરીકોના સ્વાસ્થય માટે પોલીસ વિભાગના અધિકારી-કર્મચારીઓ અને જવાનો રાત દિવસ જોયા વિના સતત માર્ગો પર ખડે પગે ફરજ બજાવતા હતા. પોલીસ વિભાગની સરાહનીય કામગીરીને પગલે સૌ ભાઈ બહેનોએ ફ્ન્ટ લાઈન વોરીયર્સ તરીકે પોલીસ તંત્રના તમામ અધિકારી-કર્મચારીઓનું સન્માન આપ્યું હતું. ત્યારે કોરોના મહામારીમાં રાત-દિવસ પોતાના પરિવારજનોની પણ પરવા કર્યા વિના ફરજ બજાવતા કેટલાક અધિકારી-કર્મચારીઓ કોરોનાથી સંક્રમિત થયા હતા અને સારવાર બાદ તેઓનું અવસાન પણ થયું હતું. ત્યારે ગાંધીનગર જિલ્લામાં પણ એલસીબી ખાતે ફરજ બજાવતા એ.એસ.આઈ. હજારીસિંહ ધીસાસિંહ રાજપૂત તેમજ પોલીસ હેડ કવાર્ટર ખાતે ફરજ બજાવતા એ.એસ.આઈ. મનુભાઈ હેમાભાઈ અણખીયાનાનું ફરજ દરમિયાન કોરોનાથી સંક્રમિત થતા દુઃખદ અવસાન થયું હતું. આ બંન્ને પોલીસ કર્મચારીઓના મૃત્યુંને પગલે પોલીસ તંત્રને પણ ન પુરાય તેવી ખોટ પડી છે. ત્યારે રાજય સરકાર દ્વારા ચાલુ ફરજ દરમિયાન કોવીડને પગલે મૃત્યુ પામેલા ફ્ન્ટલાઈન વોરીયર્સ કર્મચારીઓના આશ્રિત વારસદારોને રૂ. ૨૫ લાખ ચુકવવાની જોગવાઈ કરવામાં આવી હતી.

# આઈઆઈટીઈ પ્રવેશ પરીક્ષા આઈથ્રીટી પરિણામ જાહેર

ગાંધીનગર, તા. ૨૩

આઈઆઈટીઈના ઈન્ટિગ્રેટેડ પ્રોગ્રામ અને સંલગ્ન ૫૯ કોલેજોમાં ચાલતા બી.એડ. માટેની તા. ૧૮મી જુલાઈએ લેવાયેલ આઈથ્રીટી પરીક્ષાનું પરિણામ ગઈકાલે જાહેર કરવામાં આવ્યું હતું.

આગામી ૨૬ જુલાઈથી ૨ ઓગષ્ટ દરમ્યાન રાજયના ૨૭ કેન્દ્રો પરથી આ અભ્યાસક્રમો માટે પ્રવેશ પ્રક્રિયા (કાઉન્સેલીંગ) હાથ ધરવામાં આવશે. ગત વર્ષની જેમ આઈથ્રીટી કટ ઓફ ૪૮ ગુણ નિર્ધારીત કરવામાં આવ્યા છે.

પ્રવેશ સમય પત્રક અને ઉમેદવારના ગુણ-મેરીટ અને પ્રક્રિયા સંબંધિત સૂચનાઓ સંસ્થાની વેબસાઈટ પર મુકવામાં આવી છે.

પ્રવેશ સંબંધિત સૂચનાઓ માટે યુનિવર્સિટીની વેબસાઈટ જોતા રહેવા અખબારી યાદીમાં જણાવાયું છે.

## સેક્ટર-૩૦ સાઈબાબા મંદિર 'ગુરૂપૂર્ણિમા' નિમિત્તે ખુલ્લુ રહેશે

ગાંધીનગર, તા. ૨૩

શનિવારના રોજ 'ગુરૂ પૂર્ણિમા' નિમિત્તે સેક્ટર-૩૦, ગાંધીનગરમાં આવેલ ભગવાનશ્રી ઝૂલેલાલ સાઈબાબા મંદિરમાં સવારના ૫.૩૦ કલાકથી રાત્રિના ૯.૦૦ કલાક સુધી મંદિર દર્શન માટે ખુલ્લુ રહેશે.

સવારે ૫.૩૦ કલાકે કાકડ આરતી, બપોરે ૧૨.૦૦ કલાકે મધ્યાહન આરતી, સાંજે ૬.૩૦ કલાકે ધૂપ (મહા) આરતી કરવામાં આવશે. 'ગુરૂ પૂર્ણિમા' ઉત્સવની શોભા વધારવા પ્રમુખ નિર્મલ જેસવાની અને અનિલ જયસિંઘાની તરફથી શહેરીજનો (ભક્તોને) આમંત્રણ આપવામાં આવ્યું છે. આ દરમિયાન સરકારની ગાઈડલાઈન મુજબ માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સ ફરજીયાત રાખવું પડશે તેમ પ્રમુખ દ્વારા જણાવેલ છે.

## સે. ૨૨ ખાતે દરરોજ સવારે આચાર્ય પૂ. પદ્મસાગર સૂરીશ્વરજીનું પ્રવચન

ગાંધીનગર તા. ૨૩

ગાંધીનગરમાં સેક્ટર-૨૨માં શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘના દેરાસર ખાતે રાષ્ટ્રસંત આચાર્ય પૂ. પદ્મસાગરસૂરીશ્વરજી મ.સા. ચાતુર્માસ અર્થે બિરાજમાન છે. આચાર્યજીનું હદયસ્પર્શી પ્રવચન દરરોજ સવારે ૮.૪૫થી ૯.૪૫ દરમ્યાન યોજાય છે. આ પ્રવચનનો લાભ શહેરના જૈન સંઘના સર્વે સભ્યો ઉપરાંત તમામ શહેરીજનો લઈ શકે છે. કાર્યક્રમમાં દરેકે કોવિડ-૧૯ની ગાઈડ લાઈન અનુસાર ફરજિયાત માસ્ક, સોશિયલ ડિસ્ટન્સ અને સેનિટાઈઝરનો ઉપયોગ કરવો ફરજિયાત હોવાનું અખબારી યાદીમાં જણાવાયું છે.

## ભાજપના ગાંધીનગર મહાનગર સાંસ્કૃતિક સેલની ટીમ જાહેર

ગાંધીનગર, તા. ૨૩

ભારતીય જનતા પાર્ટીના ગાંધીનગર મહાનગર સાંસ્કૃતિક સેલની ટીમની જાહેરાત શહેર પ્રમુખ રૂચિર ભટ્ટ દ્વારા કરવામાં આવી છે. જેમાં સંયોજક પદે વિનોદભાઈ ઉદેચાની નિમણુંક કરવામાં આવી છે. આ સાથે સહસંયોજક પદે ભીખુદાન ગઢવી ઉપરાંત સાંસ્કૃતિક સેલમાં સમાવાયેલા અન્ય સાત સભ્યોમાં ભાવિન પટેલ, બિન્નીબેન દવે, મિતલ શર્મા, અદિતીબેન ત્રિવેદી, નિલેષભાઈ મિસ્ત્રી, સંજયભાઈ તન્ના અને જીગરભાઈ ત્રિવેદીનો સમાવેશ કરવામાં આવ્યો છે.



## આંખોમાં ઉગતા સ્વપ્નો સાથે હાથમાં ગૌરીવ્રતના જ્વારા..!!

ગૌરીવ્રત એટલે કુમારિકા દિકરીઓના મનમા ઉઠતા ઉમંગો અને ઉલ્લાસને સર્જનાત્મક રાહ આપવા સાથે સંસ્કાર સિંચનની શરૂઆત. દિકરી એ ઘરનું પ્રથમ ઘરેણું છે જે થકી સમગ્ર પરિવાર શોભે છે અને પરિવારજનો પણ દિકરીના હર્ષોલ્લાસને ઉત્સવની જેમ વધાવે છે જેનું નામ ગૌરીવ્રત. આ વ્રતમાં ફુલ જેવી કુમળી દિકરીઓની આંખોમાં ઉગતા સ્વપ્નોને શણગાર મળે છે જેનો હરખ તેમના હૈયે સમાતો નથી હોતો. તસવીરમાં દેખાતી અબુધ બાળા હાથમાં ગૌરીવ્રતના જ્વારા અને જોતા જ વ્હાલ ઉભરી આવે તેવી નિર્દોષતા આંખોમાં લઈને જે રીતે પારંપરિક વસ્ત્રોમાં સજીધજીને બેઠી છે તે નિહાળતાં જ સૌ કોઈને તેના ઓવરણાં લેવાનુ મન થયા વિના રહે નહીં..!!

## જે.એમ. ચૌધરીમાં ગુરૂપૂર્ણિમાની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૨૩

શાળામાં ગુરૂપૂર્ણિમાની ઉજવણી ઓનલાઈન માધ્યમથી કરવામાં આવી હતી. જેમાં વિવિધ સ્પર્ધાઓ યોજાઈ હતી. શાળાના વિદ્યાર્થીઓએ વક્તૃત્વ, નિબંધ તથા ચિત્ર સ્પર્ધામાં ઓનલાઈન ભાગ લીધો હતો. શાળાના આચાર્ય રમીલાબેન ચૌધરીએ ભાગ લેનાર વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી અને આયોજન કરનાર શિક્ષકોને અભિનંદન પાઠવ્યા હતા.

## મુખ્યમંત્રી વિજય રૂપાણીની શુભેચ્છા મુલાકાત લેતા બિહારના આઈટી મંત્રી જીવેશ મિશ્રા

ગાંધીનગર, તા. ૨૩

મુખ્યમંત્રી વિજય રૂપાણીની આજે ગાંધીનગર ખાતે બિહારના આઈટી મંત્રી જીવેશ મિશ્રા સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી.

મુખ્યમંત્રીએ સ્મૃતિરૂપે "સ્ટેચ્યુ ઓફ યુનિટી"ની પ્રતિકૃતિ ભેટ આપીને મંત્રી જીવેશ મિશ્રાનું સ્વાગત કર્યું હતું. જ્યારે મંત્રી જીવેશ મિશ્રાએ મુખ્યમંત્રીનું બિહારની પરંપરાગત શાલ ઓઢાડીને સ્વાગત કર્યું હતું. આઈટી મંત્રી જીવેશ મિશ્રાએ મુખ્યમંત્રી નિવાસસ્થાને 'સીએમ ડેશબોર્ડ'ની મુલાકાત કરીને કામગીરીને પ્રત્યક્ષ નિહાળી હતી.

આ પ્રસંગે મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવ એમ.કે. દાસ સહિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.


### ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન

બહુમાળી ભવન, પ્રથમ માળ, સેકટર-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૧
Email : gmcreq2018@gmail.com

: જાહેર નોટીસ :

સીધી ભરતીની પરીક્ષા તારીખ અંગેની જાહેરાત

ગાંધીનગર મહાનગરપાલિકાની સીધી ભરતી અંગેની જાહેરાત માહે ડીસેમ્બર-૨૦૧૯માં આપવામાં આવેલ હતી. જે સંદર્ભે સીધી ભરતીની સ્પર્ધાત્મક પરીક્ષાઓ નીચે જણાવેલ તારીખ દરમ્યાન રાખવામાં આવેલ છે. જે અન્વયે અરજી કરેલ ઉમેદવારોએ સ્પર્ધાત્મક પરીક્ષા માટેના પ્રવેશપત્ર વેબસાઈટ ?૬૦૦૫://૦૨૫.૮૫૨૭૨૦.૮૦૫.૧૧ પરથી નીચે દર્શાવેલ કોષ્ટકમાં જણાવેલ ઓનલાઈન કોલ-લેટર ડાઉનલોડ કરવાની તારીખના રોજ બર્પોર ૧૪.૦૦ કલાકથી પરીક્ષાના દિવસે પરીક્ષા શરુ થવાના અગાઉના એક કલાક સુધી ડાઉનલોડ કરી શકાશે, આ સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઉમેદવારોએ દર્શાવ્યા મુજબના સમયગાળામાં પોતાના પ્રવેશપત્ર/હાજરી પત્રક અને સાથે ઉમેદવારોની જરૂરી સૂચનાઓ Online ડાઉનલોડ કરવાના રહેશે. સમય પૂર્ણ થયા બાદ કોલલેટર ડાઉનલોડ કરી શકાશે નહીં. કોલલેટર પ્રિન્ટ બાબતે કોઈપણ તકલીફ/મુશ્કેલી જણાય તો અત્રેની કચેરીના વહીવટી અધિકારીશ્રી (વહીવટ), ગાંધીનગર મહાનગરપાલિકા, ફોન નંબરઃ-૦૭૯-૨૩૨૨૦૪૪૦, ઈ-મેઈલ : gmcreq2018@gmail.com ઉપર અથવા રૂબરૂ કચેરી સમય દરમ્યાન (જાહેર રજાના દિવસો સિવાય) સંપર્ક કરવાનો રહેશે.

| ક્રમ | જાહેરાત નંબર | પોસ્ટનું નામ | પરીક્ષાની તારીખ | ઓનલાઈન કોલલેટર ડાઉનલોડ કરવાની તારીખ |
|---|---|---|---|---|
| ૧ | GMC/201920/1 | ફિમેલ હેલ્થ વર્કર | તા. ૮/૮/૨૦૨૧ | તા. ૨૪/૭/૨૦૨૧ |
| ૨ | GMC/201920/2 | મલ્ટી પરપઝ હેલ્થ વર્કર (પુરુષ) | તા. ૮/૮/૨૦૨૧ | તા. ૨૪/૭/૨૦૨૧ |
| ૩ | GMC/201920/3 | ફાર્માસીસ્ટ | તા. ૮/૮/૨૦૨૧ | તા. ૨૪/૭/૨૦૨૧ |
| ૪ | GMC/201920/4 | લેબોરેટરી ટેકનીશીયન | તા. ૮/૮/૨૦૨૧ | તા. ૨૪/૭/૨૦૨૧ |

તારીખ:૨૨/૦૭/૨૦૨૧
સ્થળ: ગાંધીનગર
માહિતી/૬૯૩/૨૧-૨૨

સહી/-
મ્યુનિસિપલ કમિશનર,
ગાંધીનગર મહાનગરપાલિકા,



### Gandhinagar District Co.Op. Milk Producer's Union Ltd

Tender Inviting for Below Mentioned Material supply for Gandhinagar District Co.Op. Milk Producer's Union Ltd. The Bidder Should submit Technical Bid, tender Fee and EMD in cover separately. The bidding should be done through http://www.nprocure.com only. The right is reserved to I/C Managing Director to accept, reject or cancel the tender/offer

| | | |
|---|---|---|
| Purchase of 500&250 Gms Barrier Tray for Sweet Packing & Laminated plain Film Top web Printed film Micron-100 Width-400 mm for MAP Tray sealing (Food Grade Material Lid for 500&250 Gms Barrier Tray | Online bid document start Date : 24-7-2021<br>Last Date of online submission of tender : 31-7-2021 | Physical submission of Tender Documents : 2-8-2021 |

Sd/-
I/C Managing Director
Gandhinagar District Co.Op. Milk Producer's Union Ltd
"K" Road, G.I.D.C. Electronics Estate, Sector-25, Gandhinagar-382024






૧૮૦૦ સેન્ટર્સ ઉપર વિનામૂલ્યે વેક્સિન અપાશે

કોરોનાના સંક્રમણને અટકાવવા અને નાગરિકોને સુરક્ષિત રાખવા રાજ્ય સરકારનું આયોજન

ગૃહ વિભાગના જાહેરનામા અનુસાર વ્યાપારિક ગતિવિધિઓ ; જેવી કે દુકાનો, વાણિજ્યિક સંસ્થાઓ, લારી-ગલ્લા, શોપિંગ કોમ્પ્લેક્ષ, માર્કેટયાર્ડ, ગુજરી-બજાર, હાટ, હેર કટીંગ સલૂન, બ્યુટી પાર્લર, જીમ, કોચિંગ સેન્ટર્સ, ટ્યુશન ક્લાસીસ, વાંચનાલયો, પબ્લિક અને પ્રાઇવેટ બસ ટ્રાન્સપોર્ટ સેવાઓ, રમતમાં ભાગ લેતા ખેલાડીઓ, સ્પોર્ટ્સ ગ્રાઉન્ડ સ્ટાફ, સિનેમાહોલ, થિયેટરો, ઓડિટોરિયમ, એસેમ્બલી હોલ, મનોરંજન સ્થળો, વોટર પાર્ક અને સ્વીમીંગ પુલ જેવી તમામ વ્યાપારિક ગતિવિધિઓ સાથે સંકળાયેલા માલિકો, સંચાલકો, કર્મચારીઓ અને તમામ વ્યક્તિઓએ તા.૩૧.૭.૨૦૨૧ સુધીમાં વેક્સિનનો પ્રથમ ડોઝ લેવો આવશ્યક છે.

ગુજરાત રાજ્યમાં અત્યાર સુધીમાં અઢી કરોડ નાગરિકોને કોરોનાની રસીનો પ્રથમ ડોઝ અપાયો છે. ૭૧ લાખ નાગરિકોને બીજો ડોઝ અપાયો છે અને રાજ્યમાં કુલ ત્રણ કરોડથી વધુ વેક્સિન ડોઝ અપાયા છે.
૧૮ થી ૪૫ વર્ષની વયની એક કરોડ વ્યક્તિઓને વેક્સિન અપાઈ છે.

"દવાઈ કે સાથ, કડાઈ ભી જરૂરી હૈ"




કોરોનાના સંક્રમણને અટકાવવા વ્યાપાર-ધંધા-વ્યવસાય સાથે સંકળાયેલા સૌને વિનામૂલ્યે વેક્સિનેશન હેઠળ આવરી લેવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે.
- શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત